# આગમની દૃષ્ટિએ અનેકાન્તવાદ

❑ વર્ષા શાહ

*[ રિસર્ચ આસિસ્ટન્ટ અને જૈનોલોજી કૉર્સના પ્રાધ્યાપિકા તરીકે કે. જે. સોમૈયા સેન્ટર ફોર સ્ટડીઝ ઈન જૈનિઝમ સાથે જોડાયેલા છે. આ ક્ષેત્રમાં સતત સંશોધન અને મનન કરે છે. પ્રસ્તુત લેખમાં તેમણે આગમ અને અનેકાન્તવાદનો સંદર્ભ કઈ રીતે જોડાયેલો છે, તે લખ્યું છે.]*

'जेण विणा लोगस्स वि, ववहारो सव्वहा न निव्वहइ।
तस्स भवणेक्कगरुणो णमो अणेगंतवायस्स।।'

સિદ્ધસેન દિવાકર સન્મતી તર્ક, (૩/૬૯)

ભાવાર્થ : જેના વિના આ જગતનો વ્યવહાર બિલકુલ ચાલી ન શકે એવા ત્રણ લોકના એક માત્ર ગુરુ સમાન અનેકાન્તવાદને નમસ્કાર.

જૈન પરંપરામાં વસ્તુદર્શનના અને દૃષ્ટ વસ્તુના પ્રતિપાદન માટે અન્યત્ર જોવા ન મળતી એક વિશિષ્ટ શૈલી જોવા મળે છે.

આચારાંગ, સૂત્રકૃતાંગ, સ્થાનાંગ, ભગવતીસૂત્ર આદિ જુદાં જુદાં દ્વારોના આધારે વસ્તુ વિચાર કરવામાં આવ્યો છે.

વ્યાખ્યા કરવાની પદ્ધતિનું પરિપક્વ સ્વરૂપ અનુયોગદ્વાર સૂત્રમાં જોવા મળે છે.

તત્ત્વાર્થસૂત્રમાં ઉમાસ્વામીએ અને ત્યારબાદ સિદ્ધસેન દિવાકર, આ. સામંતભદ્ર આદિ દાર્શનિકોએ તત્ત્વના નિરૂપણમાં પ્રમાણ, નય અને નિક્ષેપનો વિચાર કર્યો છે.

**એકાન્તવાદ અને અનેકાન્તવાદ :**

પ્રભુ મહાવીર છદ્મસ્થ અવસ્થાની અંતિમ રાત્રિના પાછલા પ્રહરમાં દશ સ્વપ્ન જોઈને જાગૃત થયા. દશ સ્વપ્નમાંથી ત્રીજા સ્વપ્નમાં ભગવાને રંગબેરંગી પાંખવાળા પુંસ્કોકિલને જોયા જેનો ઉલ્લેખ ભગવતી સૂત્રમાં છે.

एगं च णं महं चित्तविचित्तपक्खगं पुंस्कोइलगं सुविणे पासित्ता णं पडिबुद्धे।

तण्णं समणे भगवं महावीरे विचितं ससमयपरसमइयं दुवालसंगं
गणिपिडगं आद्यवेति पन्नवेति परुवेति।

(ભગવતી સૂત્ર, ૧૬.૬)

શ્રમણ ભગવાન મહાવીરે જે પુંસ્કોકિલ સ્વપ્નમાં જોયું છે એનો અર્થ એવો ઘટીત થાય છે કે તેઓ વિવિધ વિચારયુક્ત સ્વસિદ્ધાંત અને પરસિદ્ધાંતને પ્રગટ કરતી દ્વાદશાંગીની પરૂપણા કરશે.

શાસ્ત્રકારો આ સ્વપ્ન વિશે જણાવે છે. આ ચિત્રવિચિત્ર પુંસ્કોકિલ શું છે?

આ પક્ષી અનેકાન્ત-સ્યાદ્વાદનું પ્રતીક છે. એકજ રંગની પાંખવાળો કોકિલ નથી પરંતુ ચિત્રવિચિત્ર રંગનો પાંખવાળો કોકિલ છે. જ્યાં એકજ રંગની પાંખો હોય ત્યાં એકાન્તવાદ હોય છે અને જ્યાં વિવિધ રંગવાળી પાંખો હોય ત્યાં અનેકાન્તવાદ હોય છે. એક રંગની પાંખોવાળા કોકિલ અને વિવિધ રંગોની પાંખોવાળા કોકિલમાં આ જ ફર્ક છે.

કેવળજ્ઞાન પણ એકાન્તવાદ-સ્યાદ્વાદ આધારિત હોય છે. અનેકાન્તવાદ સિદ્ધાંત છે અને સ્યાદ્વાદ એ સિદ્ધાંતને ઉપયોગ કરવાની રીત છે. તત્ત્વને અનંત દૃષ્ટિકોણથી જોવું તે અનેકાન્ત અને તેનું સાપેક્ષ પ્રતિપાદન કરવું તે સ્યાદ્વાદ છે. એકાન્તવાદ કદી સંપૂર્ણ સત્ય સમજી ન શકે.

**વિભજ્યવાદ અને અનેકાન્તવાદ**

મજિઝમનિકાય (સુત્ત, ૯૯) અનુસાર માણવક ભગવાન બુદ્ધને પ્રશ્ન પૂછે છે, 'હે ભગવાન! મેં સાંભળ્યું છે કે ગૃહસ્થી આરાધક હોય છે, ન કે સંયમી?'

ભગવાન બુદ્ધ ઉત્તર આપે છે, 'ગૃહસ્થી મિથ્યાત્વી છે તો આરાધક નથી તેમજ સંયમી પણ મિથ્યાત્વી હશે તો નિર્વાણમાર્ગનો આરાધક ન હોઈ શકે. જો બન્ને સમ્યક્ પ્રતિપત્તિ સમ્પન્ન હોય તો બન્ને આરાધક છે.

બુદ્ધે ગૃહસ્થ અને ત્યાગીની આરાધનાના પ્રશ્ન સંબંધી વિભાજનપૂર્વક ઉત્તર આપ્યો, એકાન્તરૂપથી નહિ. આવા પ્રકારના ઉત્તરને વિભજ્યવાદ કહેવાય છે.

સૂત્રકૃતાંગમાં પણ આવા પ્રકારના પ્રયોગ જોવા મળે છે. જ્યારે ભગવાનને પ્રશ્ન પૂછાયો કે એક ભિક્ષુએ કેવા પ્રકારની ભાષાનો ઉપયોગ કરવો જોઈએ. જવાબમાં ભગવાન કહે છે કે ભિક્ષુએ વિભજ્યવાદનો ઉપયોગ કરવો જોઈએ.

'भिक्खू विभज्जवार्य च वियागरेज्जा।

(સૂત્રકૃતાંગ, ૧.૧૪)

માણવક અને ભગવાન બુદ્ધની જેમ ગૌતમાદિ અને ભગવાન મહાવીર વચ્ચે આવા પ્રકારનાં સંવાદ/ચર્ચા પણ જોવા મળે છે.

સહસ્ત્રાનિક રાજાના પુત્રી, શતાનિક રાજાના બેન, ઉદાયન રાજાના ફૈબા, મૃગાવતી રાણીના નણંદ અને ભગવાન મહાવીર સ્વામીના સાધુઓના પ્રથમ શય્યાતરી (સ્થાન આપનાર) જયંતી શ્રમણોપાસિકા હતા. તેણે ભગવાન મહાવીરને કેટલાક પ્રશ્નો પૂછ્યા છે.

હે ભગવાન! જીવો સૂતેલા શ્રેષ્ઠ છે કે જાગૃત શ્રેષ્ઠ છે?

હે જયંતી! કેટલાક જીવો સૂતેલા શ્રેષ્ઠ છે અને કેટલાક જીવો જાગૃત શ્રેઠ છે.

હે ભગવાન! તેનું શું કારણ છે?

હે જયંતી! જે જીવો અધર્મી છે, અધર્મનું આચરણ કરે છે, અધર્મનો ઉપદેશ આપે છે, અધર્મમાં આનંદ માને છે, તેવા જીવો સૂતેલા હોય તે શ્રેષ્ઠ છે. તેવા જીવો જાગીને અધર્મ આચરણથી અનેક જીવોને પીડા પહોંચાડે છે અને અધર્મમાં જોડે છે, તેથી તે સૂતેલા હોય તે જ શ્રેષ્ઠ છે.

જે જીવ ધર્મી છે, ધર્મનું આચરણ કરે છે, ધર્મનો ઉપદેશ આપે છે, ધર્મમાં આનંદ માને છે, તેવા જીવો જાગૃત હોય તે શ્રેષ્ઠ છે. તે જાગૃત રહીને, ધર્મનું આચરણ કરીને અન્ય અનેક જીવોને શાતા પમાડે છે અને અન્યને ધર્મમાં જોડે છે.

તે જ રીતે અધર્મી જીવો નિર્બળ હોય તે શ્રેષ્ઠ છે અને ધર્મી જીવો બળવાન હોય તે શ્રેષ્ઠ છે. અધર્મી આળસુ હોય તે શ્રેષ્ઠ અને ધર્મી ઉદ્યમવંત હોય તે શ્રેષ્ઠ છે.

(ભગવતી સૂત્ર, ૧૨.૨)

એવી જ રીતે ગૌતમ અને ભગવાન મહાવીર વચ્ચેનો સંવાદ આ પ્રમાણે છે.

ગૌતમ : ભગવાન! જીવ સકમ્પ છે કે નિષ્કમ્પ ?

મહાવીર : ગૌતમ! જીવ સકમ્પ પણ છે અને નિષ્કમ્પ પણ છે.

ગૌતમ : કઈ રીતે?

મહાવીર : જીવ બે પ્રકારના છે, સંસારી અને સિદ્ધ.

સિદ્ધ જીવ બે પ્રકારના છે—અનન્તર સિદ્ધ અને પરમ્પર સિદ્ધ. પરમ્પર સિદ્ધ નિષ્કમ્પ હોય છે અને અનન્તર સિદ્ધ સકમ્પ હોય છે.

સંસારી જીવોના પણ બે ભેદ હોય છે. શૈલેશી અને અશૈલેશી. શૈલેશી જીવ નિષ્કમ્પ હોય છે અને અશૈલેશી જીવ સકમ્પ હોય છે.

(ભગવતી સૂત્ર, ૨૫.૪)

અન્ય ઠેકાણે ગૌતમ અને મહાવીરની વચ્ચેનો સંવાદ આ પ્રમાણે છે.

ગૌતમ : ભગવાન, જીવ સવીર્ય હો છે કે અવીર્ય ?

ભગવાન : જીવ સવીર્ય પણ હોય છે અને અવીર્ય પણ હોય છે.

ગૌતમ : એ કઈ રીતે ?

ભગવાન : જીવ બે પ્રકારના છે. સંસારી અને સિદ્ધ. સિદ્ધ જીવ અવીર્ય છે.

સંસારી જીવ બે પ્રકારના હોય છે. શૈલેશી પ્રતિપન્ન અને અશૈલેશી પ્રતિપન્ન. શૈલેશી પ્રતિપન્ન જીવ લબ્ધિવીર્યની અપેક્ષાએ સવીર્ય હોય છે અને કરણવીર્યની અપેક્ષાએ સવીર્ય સવીર્ય અને અવીર્ય પણ હોય. જે જીવ પરાક્રમ કરે છે તે જીવ કરણવીર્યની અપેક્ષા સવીર્ય છે. જે જીવ પરાક્રમ નથી કરતો તે કરણવીર્યની અપેક્ષા અવીર્ય છે.

(ભગવતી સૂત્ર, ૧.૮)

ગૌતમ : કોઈ એમ કહે કે મેં સર્વપ્રાણ, સર્વભૂત, સર્વજીવ, સર્વસત્વની હિંસાના પચ્ચખાણ (પ્રત્યાખ્યાન, ત્યાગ) લીધાં છે તો શું તે સુપ્રત્યાખ્યાન છે કે દુપ્રત્યાખ્યાન છે?

ભગવાન : અપેક્ષાએ સુપ્રત્યાખ્યાન અને અપેક્ષાએ દુષ્પ્રત્યાખ્યાન.

ગૌતમ : એ કઈ રીતે ?

ભગવાન : જેને જીવ-અજીવ, ત્રસ-સ્થાવર ખબર જ નથી તેના પ્રત્યાખ્યાન દુપ્રત્યાખ્યાન છે. તે મૃષાવાદી હોય છે. જેને ખબર છે કે આ જીવ છે, અજીવ છે, ત્રસ છે, સ્થાવર છે, તેના પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન કહેવાય. તે સત્યવાદી હોય છે.

(ભગવતી સૂત્ર, ૭.૨)

આવા પ્રકારના પ્રશ્નોત્તરી શૈલી વિચારોનું નિરાકરણ લાવવાની શૈલી છે. આવી શૈલીથી વસ્તુના અનેક પાસાંઓ જાણવા મળે છે.

જૈન.દર્શન માને છે કે વસ્તુના અનેક ધર્મ હોય છે. જે વસ્તુ શાશ્વત લાગે છે તે અશાશ્વત પણ હોય છે. જે વસ્તુ ક્ષણિક પ્રતીત થાય છે તે શાશ્વતી પણ હોઈ શકે. શાશ્વત અને અશાશ્વત બન્ને વસ્તુઓના સ્વરૂપને સમજવું બહુ જ જરૂરી છે. પરસ્પર વિરોધી લાગવાવાળા ધર્મનો સમન્વય કઈ રીતે થઈ શકે? પદાર્થમાં એ કેવી રીતે રહે છે. આપણી પ્રતીતિથી તેઓમાં શું સામ્ય છે ઈત્યાદિ પ્રશ્નોનો આગમના આધારે વિચાર કરીશું.

લોક નિત્ય છે કે અનિત્ય

લોક સાન્ત છે કે અનન્ત

જીવ નિત્ય છે કે અનિત્ય

જીવ સાન્ત છે કે અનન્ત

પુદ્ગલ નિત્ય છે કે અનિત્ય

જીવ દ્રવ્ય અને અજીવની દ્રવ્ય એકતા અને અનેકતા.

આવા પ્રશ્નોને ભગવાન બુદ્ધ અવ્યાકૃત કહ્યા છે. ભગવાન મહાવીરે આવા વિષયોમાં મૌન ધારણ કરવું ઉચિત નથી સમજ્યું. એમણે પ્રશ્નોના વિવિધ રીતે જવાબો આપ્યા છે.

લોકની નિત્યતા અને અનિત્યતા ઉપર જમાલીનો પ્રશ્ન.

ભગવાન : જમાલી! લોક શાશ્વત પણ છે અને અશાશ્વત પણ છે. ત્રણે કાળમાં એક પણ સમય એવો નથી કે જ્યારે લોક ન હોય. એટલે લોક શાશ્વત છે.

असासए लोए नमाली!

(ભગવતી સૂત્ર, ૯.૩૩)

વળી લોક સદા એક રૂપમાં નથી રહેતો, એ અવસર્પિણી અને ઉત્સર્પિણીમાં બદલાય છે એટલે લોક અશાશ્વત પણ છે.

ભગવાન મહાવીરે નિત્ય અને અનિત્યના પ્રશ્નો સંબંધી બન્ને દૃષ્ટિથી જવાબ આપ્યા છે.

લોક હંમેશાં કોઈ ને કોઈ સ્વરૂપે રહે છે. એટલે તે નિત્ય છે, ધ્રુવ છે, શાશ્વત છે, અપરિવર્તનશીલ છે. લોક હંમેશાં એકરૂપ નથી રહેતા. ક્યારેક તેમાં સુખની માત્રા વધી જાય છે, તો ક્યારે દુઃખની માત્રા વધી જાય છે. કાળ ભેદથી લોકમાં વિવિધતા જોવા મળે છે. એટલે લોક અનિત્ય છે, અશાશ્વત છે, અસ્થિર છે, પરિવર્તનશીલ છે, અધ્રુવ છે, ક્ષણિક છે.

લોકની સાન્તતા (અંત સહિત) અને અનન્તતાને લઈને ભગવાન મહાવીરે આ પ્રમાણે સમાધાન આપ્યું છે.

'લોક ચાર પ્રકારથી જાણી શકાય છે–દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી.

દ્રવ્યની અપેક્ષાએ–

લોક એક છે અને સાન્ત છે.

ક્ષેત્રની અપેક્ષાએ–

લોક અસંખ્યાત જોજન ક્રોડાક્રોડી વિસ્તાર અને અસંખ્યાત યોજન ક્ષેત્રફળ પ્રમાણ છે એટલે ક્ષેત્રની અપેક્ષાએ લોક સાન્ત છે.

કાળની અપેક્ષાએ–

કોઈ કાળ એવો નથી કે જ્યારે લોક ન હોય એટલે લોક ધ્રુવ છે, નિત્ય છે, શાસ્વત છે, અવ્યય છે, અક્ષય છે, અવસ્થિત છે. એનો અંત નથી.

ભાવની અપેક્ષાએ–

લોકના અનંત વર્ણ પર્યાય, ગંધ પર્યાય, રસ પર્યાય, સ્પર્શ પર્યાય છે. અનંત સંસ્થાન પર્યાય છે. અનન્ત ગુરુલઘુ પર્યાય છે એનો કોઈ અંત નથી.

એટલે કે લોક દ્રવ્ય અને ક્ષેત્રની દૃષ્ટિએ સાન્ત છે અને કાળ અને ભાવની દૃષ્ટિએ અનન્ત છે.

લોકના આ રીતે ચાર દૃષ્ટિએથી વિચાર કરવામાં આવ્યા છે.

દ્રવ્યની દૃષ્ટિએથી લોક સાન્ત છે કેમ કે એ સંખ્યામાં એક છે.

ક્ષેત્રની દૃષ્ટિએથી પણ લોક સાન્ત છે કારણ કે સકળ આકાશમાં કોઈક ક્ષેત્રમાં લોક છે. આ ક્ષેત્ર અસંખ્યાત ક્રોડાક્રોડી યોજનની પરિધિમાં છે. કાળની દૃષ્ટિએ લોક અનન્ત છે કારણ કે વર્તમાન ભૂત અને ભવિષ્યની કોઈપણ ક્ષણ એવી નથી જેમાં લોક ન હોય.

ભાવની દૃષ્ટિથી પણ લોક અનંત છે કારણ કે એક લોકના અનંત પર્યાય છે.

ભગવાન મહાવીરે સાન્તતા અને અનન્તતાનું પોતાની દૃષ્ટિથી સમાધાન કર્યું છે. ભગવાન બુદ્ધે સાન્તતા અને અનન્તતા બંનેને અવ્યાકૃત શ્રેણીમાં રાખ્યું છે.

**જીવની નિત્યતા અને અનિત્યતા**

ભગવાન બુદ્ધે જીવની નિત્યતા અને અનિત્યતાના પ્રશ્નને પણ અવ્યાકૃત શ્રેણીમાં રાખ્યો છે. ભગવાન મહાવીરે આ પ્રશ્નનનું પણ અનેકાન્ત દૃષ્ટિ અને સ્યાદ્વાદ શૈલીથી સમાધાન કર્યું છે.

ભગવાનન મહાવીરે મોક્ષ પ્રાપ્તિ માટે પણ આવા પ્રકારના પ્રશ્નોના જ્ઞાનને જરૂરી માન્યું છે. આચારાંગના પ્રારંભમાં જ કેટલાક વાક્યોથી આ વાતની સમજ આવે છે.

'से आयावाइ, लोगावाइ, कम्मावाइ, किरियावाइ।'

આચારાંગ, ૧૦૧.૫

ભાવાર્થ : તે જે પરિભ્રમણનો સિદ્ધાંત સમજે છે તે.

આત્મવાદી : આત્માના અસ્તિત્વને માનનારા છે.

લોકવાદી : આત્માની જેમ લોક પણ અસ્તિત્વ છે (એવું માનનારા)

કર્મવાદી : પુનર્જન્મનું કારણ કર્મબંધન છે.

ક્રિયાવાદી : કર્મબંધનનું કારણ શુભાશુભ પ્રવૃત્તિ છે. (એવું માનનારા)

'હું કોણ છું?' અને 'હું તે જ છું.' આત્માની દાર્શનિક ચર્ચામાં આ બે વાત ઘણી જ અગત્યની છે. પહેલી વાત નીજના સ્વરૂપ વિશે જાણવાની જીજ્ઞાસા દર્શાવે છે અને બીજી વાત નીજના સ્વરૂપને ઓળખવાની તે જીજ્ઞાસાનું સમાધાન છે.

પુનર્જન્મ આત્માના તત્ત્વનો સ્પષ્ટ નિર્દેશ કરે છે. પુનર્જન્મનું કારણ કર્મબંધન છે અને તે બંધનનું કારણ શુભાશુભ પ્રવૃત્તિ છે. આ બધું લોકમાં (સંસારમાં) બને છે.

જીવની શાશ્વતતા અને અશાશ્વતતાને લઈને ગૌતમ અને ભગવાન મહાવીરનો સંવાદ આ પ્રમાણે છે.

ગૌતમ : ભગવાન! જીવ શાશ્વત છે કે અશાશ્વત?

મહાવીર : ગૌતમ! જીવ અમુક દૃષ્ટિથી શાશ્વત છે અને અમુક દૃષ્ટિથી અશાશ્વત છે.

गोयमा! दव्वट्ठुयाण सासया भावट्ठुयाए असासया।

(ભગવતી સૂત્ર, ૭.૩)

ભાવાર્થ : દ્રવ્યાદિકની દૃષ્ટિથી શાશ્વત છે અને પર્યાયાદિ દૃષ્ટિથી અશાશ્વત છે.

દ્રવ્યદૃષ્ટિએ જીવમાં ક્યારેય જીવત્વ અભાવ હોતો નથી. એ કોઈપણ અવસ્થામાં હોય છે, જીવ જ રહે છે. અજીવ બનતો નથી. પર્યાયની દૃષ્ટિએ જીવ અશાશ્વત છે. એક પર્યાય છોડીને બીજા પર્યાયને ગ્રહણ કરે છે.

જીવની સાન્તતા અને અનન્તતાને લઈને ખંદકમુનિ અને ભગવાન મહાવીરનો સંવાદ, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ આ ચાર દૃષ્ટિથી કરવામાં આવ્યો છે.

દ્રવ્યની દૃષ્ટિથી જીવ સાન્ત છે.

ક્ષેત્રની દૃષ્ટિથી જીવ અસંખ્યાત પ્રદેશવાળો છે એટલે સાન્ત છે.

કાળની દૃષ્ટિએ જીવ હંમેશાં છે એટલે એ અનન્ત છે.

ભાવની દૃષ્ટિએ જીવના અનન્ત જ્ઞાનપર્યાય, અનન્ત દર્શનપર્યાય, અનંત ચારિત્રપર્યાય છે, અનંત અગુરુલઘુપર્યાય છે એટલે જીવ અનન્ત છે.

(ભગવતી સૂત્ર, ૨.૧)

પુદ્ગલની નિત્યતા અને અનિત્યતાને લઈને ગૌતમ અને ભગવાન મહાવીરનો સંવાદ આ પ્રમાણે છે.

દ્રવ્યનો સૌથી નાનામાં નાનો અંશ જેનો ફરીથી ભાગ ન પાડી શકાય તે પરમાણું છે.

પરમાણુંના ચાર પ્રકાર બતાવવામાં આવ્યા છે.

સૂક્ષ્મતમ દ્રવ્ય તે દ્રવ્યપરમાણું/પુદ્ગલપરમાણું છે.

આકાશ દ્રવ્યનું સૂક્ષ્મતમ પ્રદેશ ક્ષેત્રપરમાણું છે.

સમય પ્રદેશનું સૂક્ષ્મતમ કાળ પરમાણું છે.

દ્રવ્ય પરમાણુનું વર્ણાદિ પર્યાયમાં પરિણમન થવું તે ભાવ પરમાણું છે.

ગૌતમ અને ભગવાન મહાવીરના સંવાદથી સ્પષ્ટ થાય છે કે પરમાણું નિત્ય પણ છે અને અનિત્ય પણ છે.

વૈશેષિક આદિ અન્ય દર્શન દ્રવ્ય પરમાણુંને એકાન્ત નિત્ય માને છે.

ભગવાન મહાવીર પરમાણું નિત્યવાદનું ખંડન કરતા કહે છે કે જેમ પરમાણુંનું કાર્ય ઘટાદિમાં પરિવર્તન થાય છે અને તે અનિત્ય છે તેમ જ પરમાણુ પોતે પણ અનિત્ય છે કારણ જે પુદ્ગલ પૂર્વે એક સમયમાં રુક્ષ ગુણવાળો હતો તે નષ્ટ થઈને અન્ય સમયે અરુક્ષ પણ બને છે. એટલું જ નહિ એક સમયમાં એક દેશથી જે પુદ્ગલ રુક્ષ હતો તે નષ્ટ થઈને અન્ય સમયે એક દેશથી અરુક્ષ પણ બને છે. સ્વભાવથી અથવા પ્રયોગ દ્વારા અનેક વર્ણ પરિણામવાળા પુદ્ગલ નષ્ટ થઈને એક જ વર્ણ પરિણામવાળા પુદ્ગલ પણ થઈ જાય છે.

દ્રવ્યદૃષ્ટિથી પુદ્ગલ નિત્ય છે કારણ એવો કોઈ સમય નથી જે સમયે પુદ્ગલ પુદ્ગલરૂપે ન હોય પણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ પર્યાયની દૃષ્ટિએ પુદ્ગલ અશાશ્વત છે.

**જીવદ્રવ્ય અને અજીવદ્રવ્યની એકતા અનેકતા :**

જીવ દ્રવ્યની એકતા અને અનેકતાને લઈને મહાવીર અને સૌમિલ બ્રાહ્મણનો સંવાદ આ પ્રમાણે છેઃ

સોમિલ! દ્રવ્યની દૃષ્ટિથી હું એક છું. જ્ઞાન અને દર્શનની દૃષ્ટિથી હું બે છું.

શાશ્વત પ્રદેશોની દૃષ્ટિએ હું અક્ષય છું, અવ્યય છું, અવસ્થિત છું! બદલાતા ઉપયોગની દૃષ્ટિએ હું અનેક છું.

(ભગવતી સૂત્ર, ૧.૮)

અજીવ દ્રવ્યની એકતા અને અનેકતાનું સ્પષ્ટીકરણ કરતા ગૌતમ અને ભગવાન મહાવીર વચ્ચેનો સંવાદ આ પ્રમાણે છેઃ

ગૌતમ! ધર્માસ્તિકાય–દ્રવ્યની દૃષ્ટિએ એક છે એટલે અખંડ છે. એ જ ધર્માસ્તિકાય પ્રદેશોની દૃષ્ટિએ અસંખ્યાતગુણ પણ છે. એવી જ રીતે અધર્માસ્તિકાય, આકાશાદિ દ્રવ્યની દૃષ્ટિએ એક છે અને પ્રદેશની દૃષ્ટિએ અનેક છે.

(પ્રજ્ઞાપન સૂત્ર, ૩.૫૬)

પરસ્પર વિરોધી લાગતા બધાં દ્રવ્યોનું એક આકાશ પ્રદેશમાં અવિરોધપણે સમન્વય થઈને રહેવું એ અનેકાન્તવાદની જ દેન છે!

ભગવાન મહાવીરે અનેકાન્તવાદનો ઉપયોગ રાગ-દ્વેષ ઘટાડવા માટે કર્યો જેથી સમભાવ વધે અને મૈત્રીભાવ અને શાંતિ જળવાઈ રહે.

**વર્તમાન સ્થિતિ :**

વિશ્વના અન્ય ધર્મોમાં જૈન ધર્મનું ઉત્તમ સ્થાન છે. તે વૈજ્ઞાનિક તથ્યોથી સુસજ્જ છે.

સ્થાનાંગ સૂત્રમાં આત્માર્થી સંતોને દશ ધર્મની સાથે ગ્રામ્ય ધર્મ, કુળધર્મ, નગરધર્મ, રાષ્ટ્રધર્મ, ગણધર્મ, સંઘધર્મ, સૂત્રધર્મ, વ્રતધર્મ, ચારિત્રધર્મ અને વિશ્વધર્મ ઉપર પણ ભાર આપ્યો છે.

વર્તમાન યુગની આપણી એક મોટી મર્યાદા સંપ્રદાયવાદ છે. આપણે વાડાઓમાં વહેંચાઈ ગયા છીએ અને તેમાં કેદ થઈ ગયા છીએ. તેથી આપણે ખૂબ નબળા પડી ગયા છીએ.

બાળકો અને યુવાનોની મુંઝવણો, માગણીઓ, આવશ્યકતાઓ સમજી એનું સમાધાન શોધી આપીશું તો યુવાવર્ગને સાચા ધર્મથી વિમુખ થતો રોકી શકીશું.

*પુરાણી ઔર નયી રોશની મેં ફરક ઈતના હૈ,*
*ઉસે કિશ્તી નહીં મિલતી, ઈસે સાહિલ નહીં મિલતા!*

જૈન ધર્મનું ધાર્મિક બંધારણ અને જૈનોની સામાજિક વ્યવસ્થાઓ તથા જીવનશૈલી ઘણી જ સુસજ્જ છે, માત્ર બાહ્ય રીતે દેખાતું તન્ત્ર જો સુસંગઠિત થાય અને જે ખામીઓ દેખાય છે તે દૂર કરાય તો એ પ્રબુદ્ધ વર્ગ જૈનતત્ત્વથી ચોક્કસ પ્રકારે પ્રભાવિત થઈ શકે છે. સાથોસાથે આપણે ધાર્મિક, સામાજિક, નૈતિક અને સાંસ્કૃતિક લાભો મેળવી શકીએ તેમ છીએ.

✶ ✶ ✶

બી-૩/૧૬, પરેરા સદન, નટરાજ સ્ટુડિયો સામે, એમ. વી. રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૬૯. મો. : ૯૭૫૭૧૨૪૨૮૨.